# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-09-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) ગુજરાત વિધાનસભાનાં ત્રણ દિવસીય ચોમાસા સત્રનો આજથી આરંભ

2) રાજ્યમાં આ વર્ષે માત્ર આઠ મહિનામાં 95 જેટલી નગર આયોજન યોજના મંજૂર કરાઇ - વિધાનસભામાં સરકારે જવાબ આપ્યો

3) અમદાવાદના નળકાંઠા વિસ્તારમાં સિંચાઇ માટેનું પાણી પૂરું પાડવા પ્રથમ તબક્કાનું કામ પૂર્ણતાના આરે, કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે માહિતી આપી

4) GST સુધારાને રાજ્યના ઉદ્યોગકારોનો વ્યાપક આવકાર

5) રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું – આવતીકાલે સમગ્ર કચ્છ જિલ્લામાં ભારે વરસાદની આગાહી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# SHOKDARSHAK ULLEKH

રાજ્ય વિધાનસભાનાં ત્રણ દિવસનાં ચોમાસુ સત્રનો આજથી આરંભ થયો. આજે પહેલા દિવસે વિધાનસભા ગૃહમાં શોકદર્શક ઉલ્લેખ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત તમામ ધારાસભ્યોએ પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગીય વિજય રૂપાણી સહિત અમદાવાદની વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા દિવંગતો અને પૂર્વ સભ્યશ્રીઓને શ્રદ્ધાંજલિ પાઠવી. દિવંગત આત્માઓની શાંતિ માટે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું. ગૃહમાં મુખ્યમંત્રીએ પૂર્વ મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ મુખ્યમંત્રી તરીકે રાજ્યના વિકાસમાં આપેલા યોગદાનની પ્રશંસા કરી. ઉપરાંત મુખ્યમંત્રીએ વિધાનસભા પોડિયમ ખાતે સ્વર્ગીય શ્રી રૂપાણીની પ્રતિમાનું અનાવરણ કર્યું.

. . . .

# SWARNIM VIKAS YOJANA

રાજ્યમાં ગત 15 વર્ષમાં "સ્વર્ણિમ્ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના " અંતર્ગત 57 હજાર કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાત વિધાનસભામાં આ યોજના હેઠળ થયેલા કાર્યો અંગેનો જવાબ આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું , રાજ્યમાં આ યોજનાના પ્રથમ તબક્કા માટે સાત હજાર કરોડ, બીજા તબક્કા માટે 15 હજાર કરોડ અને વર્ષ 2017 —18થી વર્ષ 2023—24 સુધી કુલ 35 હજાર 700 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી.

જુનાગઢ મહાનગરપાલિકામાં પાણી પૂરવઠા યોજનાની કુલ ત્રણ પરિયોજના માટે અંદાજે 71 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. તેમાંથી એક પરિયોજના પૂર્ણ થઈ છે.

. . . . . . . .

# BALVANTSINH VIDHANSABHA

ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂતે કહ્યું , લોકોની સુવિધા વધારવા રાજ્ય સરકારના મંડળ અને નિગમને જાહેરહિતમાં બજાર ભાવે જમીન ફાળવાય છે. ગુજરાત વિધાનસભામાં એક પ્રશ્નના જવાબમાં શ્રી રાજપૂતે કહ્યું, બનાસકાંઠામાં ગત બે વર્ષમાં જાહેર હેતુ માટે સરકારના 16 મંડળ અને નિગમને કુલ પાંચ લાખ 23 હજાર અને છોટાઉદેપુરમાં 33 મંડળ અને નિગમને 93 હજાર 329 ચોરસ મીટર જમીન ફાળવાઈ છે.

આ માટે બનાસકાંઠામાં મળેલી 22માંથી 16 અરજી અને છોટાઉદેપુરમાં 41માંથી 33 અરજીને મંજૂર કરી જમીનના ફાળવણી થઈ છે.

. . . .

# OBC AYOG MULAKAT

રાજ્યમાં અન્ય પછાત વર્ગ – OBC માટે અનામત સુરક્ષિત કરવા લેવાયેલા પગલાં અંગે રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગે રાજ્યની મુલાકાત લીધી. આયોગના અધ્યક્ષ હંસરાજ આહીરની આગેવાનીમાં આજે અમદાવાદમાં રાજ્યના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજાઈ.

બેઠકમાં રાજ્યમાં OBCમાં સમાવિષ્ટ 146 જાતિઓ અને તેમને મળતા લાભ , OBC અનામતની અમલવારી, રૉસ્ટર રજિસ્ટરની નિભાવણી અને OBC માટે 27 ટકા અનામતની અમલવારી , સહિતનાં મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવી આ ઉપરાંત જાતિનું પ્રમાણપત્ર અને નૉન ક્રિમિલેઅર સર્ટિફિકેટ , પછાત વર્ગો માટેની શૈક્ષણિક, સામાજિક અને આર્થિક વિકાસની યોજનાઓ વિશે આયોગે વિસ્તૃત ચર્ચા કરી તેનો લાભ છેવાડાના લાભાર્થીઓ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું.

. . . . . . . .

# TP SCHEME MANJURI

રાજ્યમાં ગત 20 વર્ષમાં સરકારે કુલ 776 નગર આયોજન યોજના મંજૂર કરી છે. તેમાં પણ આ વર્ષે માત્ર આઠ મહિનામાં 95 જેટલી નગર આયોજન યોજના મંજૂર કરવામાં આવી છે. ગુજરાત વિધાનસભામાં આ અંગેના પ્રશ્નના જવાબમાં પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું , રાજ્યમાં નવનિર્મિત નગરપાલિકા , મહાનગરપાલિકાઓમાં પણ બાકી રહી જતા અને નવા વિકાસકાર્યો ઝડપથી હાથ ધરાશે.

જ્યારે આગામી સમયમાં 506 જેટલી નવી નગર આયોજન યોજના મંજૂર કરાશે, જેને સમયમર્યાદામાં આખરી કરાશે તેમ પણ પ્રવક્તા મંત્રીએ જણાવ્યું.

. .

# HELMET -RAJKOT

રાજ્યભરમાં દ્વિચક્રી વાહનચાલકો માટે હેલ્મેટ ફરજિયાત પહેરવાના વડી અદાલતના આદેશના પગલે રાજકોટ શહેર તેમજ જિલ્લામાં આજથી પોલીસ તંત્ર દ્વારા હેલ્મેટ માટેની વિશેષ ઝૂંબેશ હાથ ધરાઈ.

રાજકોટ ટ્રાફિક પોલીસ અધિકારીની આગેવાની હેઠળ શહેરમાં 40 જેટલી જગ્યાએ હેલ્મેટ માટે તપાસ કેન્દ્ર શરૂ કરાયાં અને જેમણે હેલ્મેટ ન પહેર્યા હોય તેમને અટકાવીને કાર્યવાહી કરવામાં આવી રહી છે.

રાત્રે આઠ વાગ્યા સુધી ચાલનારી આ ઝૂંબેશ હેઠળ અત્યાર સુધીમાં કુલ ત્રણ હજાર જેટલા વાહનચાલકો પાસેથી દંડ વસૂલાયો. આ અંગે વધુ માહિતી આપી રહ્યાં છે રાજકોટ જિલ્લાનાં ટ્રાફિક DCP હરપાલ સિંહ જાડેજા..

(બાઈટ – હરપાલસિંહ જાડેજા, DCP, રાજકોટ)

. . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

..........................

# AMDAVAD SINCHAI PAANI

અમદાવાદના નળકાંઠામાં સિંચાઈના પાણીથી વંચિત ઓગણચાળીસ ગામ સુધી પાણી પહોંચાડવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ગુજરાત વિધાનસભા ગૃહમાં પ્રશ્નના જવાબમાં કૅબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું , નળકાંઠા યોજના હેઠળ એક હજાર 536 કરોડ રૂપિયાના ખર્ચે આ કામગીરી થઈ રહી છે.

(વોઈસ કાસ્ટ – પ્રવેશ અડિએચા)

( આ કામગીરી થકી કુલ 374 કિલોમીટર લાંબા પાઈપલાઈન જોડાણથી 35 હજાર 486 હેક્ટર વિસ્તારમાં સિંચાઈનું પાણી અપાશે. વધુ માહિતી આપતાં શ્રી પટેલે કહ્યું કે, પ્રથમ તબક્કાની કામગીરી પૂર્ણ થવાની તૈયારીમાં છે. અત્યાર સુધી 26 કિલોમીટર પૈકી 22 કિલોમીટરમાં પાઈપલાઈન નાખવાનું કામ પૂર્ણ થયું છે. જ્યારે બીજા તબક્કાની કામગીરી ટૅન્ડર પ્રક્રિયા હેઠળ છે. સિંચાઈના પાણીથી વંચિત રહેલા આ ગામના ખેડૂતો પાણીની સુવિધાથી વધારે આવક મેળવી શકશે તેમ પણ શ્રી પટેલે ઉમેર્યું.

પ્રવેશ અડિએચા આકાશવાણી સમાચાર અમદાવાદ.)

. . . . . .

# NEXT GEN GST REFORMS

રાજ્યના વેપારી સંગઠનોએ નવા વસ્તુ અને સેવા કર- GST સુધારાઓને સમર્થન આપ્યું છે. રાજ્યના ઉદ્યોગ સંગઠનના પ્રતિનિધિઓએ કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલા આગામી પેઢીના GST સુધારાઓ બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને મળી આભાર વ્યક્ત કર્યો.

ઉદ્યોગ સંગઠનના એસોસિએશનના પ્રતિનિધિઓએ કેન્દ્ર સરકાર દ્વારા GST માળખામાં કરાયેલા આ નવા સુધારાઓને ઉદ્યોગોના વિકાસ માટે સકારાત્મક અને પ્રેરણાદાયી પગલું ગણાવ્યું. તેમણે નવા સધારાથી રોજિંદા વ્યવસાયિક કાર્યને સરળ બનાવવા તથા લૉજિસ્ટિક સુગમતા સાથેના ધંધા-વ્યવસાયને ઉપયોગી વાતાવરણનું નિર્માણ થવાની આશા પણ વ્યક્ત કરી.

. . . . . . . .

# RAIN OVERALL

રાજયમાં ગત બે દિવસ દરમિયાન થયેલા ભારે વરસાદ બાદ આજે વરસાદનું જોર ઘટ્યુ છે..

કચ્છ જીલ્લામાં ગત 24 કલાકથી થતાં વરસાદને લઈ નાગરિકોને જિલ્લામાં બંધ, નદી, નાળા તથા જળાશયો સહિતના સ્થળોએ ન જવા કલેક્ટરશ્રીએ અનુરોધ કર્યો છે. જ્યારે 9 જળાશયો સંપૂર્ણ છલકાયાં છે. તંત્ર **દ્વારા** નાગરિકોની સલામતી માટે જોખમી રસ્તા બંધ કરવાથી લઇને સ્થાળાંતર સહિતના પગલા લેવાયા છે.

બનાસકાંઠામાં થયેલા ભારે વરસાદને પગલે આજે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરની બેઠક યોજાઇ જેમાં સબંધિત અધિકારીઓને જરૂરી તમામ પગલાઓ લેવા સૂચના અપાઈ. સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ..

(બાઇટ – SAVJI CHAUDHRY – BANASKANTHA )

દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમા ઉકાઇ બંધમાં છેલ્લા દસ દિવસથી ઉપરવાસમાંથી સતત પાણીની આવકના પગલે બંધની સપાટી 339 ફૂટને પાર થઈ છે. તેને લઈ બંધના છ દરવાજા પાંચ ફૂટ જેટલા ખોલીને 78 હજાર 300 ક્યુસેક પાણી તાપી નદીમાં છોડાઈ રહ્યું છે.

મોરબી જીલ્લામાં ત્રણ દિવસથી થયેલા સારા વરસાદને લીધે અને ઉપરવાસની સતત આવકને કારણે વાંકાનેરનો મચ્છુ એક બંધ સંપૂર્ણ જ્યારે મચ્છુ 2 -92 ટકા જેટલો ભરાયો છે. આ અંગે મોરબીના વિભાગીય અધિકારી બી.સી.પનારાએ વધુ માહિતી આપી.

(બાઈટ - બી.સી.પનારા, સેક્શન ઓફિસર મોરબી)

. . . .

# WEATHER FORECAST

હવામાન ખાતાએ આગામી છ દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. જ્યારે કેટલાક વિસ્તારમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું , રાજ્યમાં આવતીકાલથી વરસાદનું જોર ઘટી શકે છે. જ્યારે આવતીકાલે માત્ર કચ્છ જિલ્લામાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની સંભાવના છે. માછીમારોને 12 તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

. . .

# DAM

ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને પગલે રાજ્યનાં 132 બંધ હાઈએલર્ટ પર જ્યારે 19 બંધ એલર્ટ પર છે. સૌથી વધુ અસરગ્રસ્ત એવા બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં કેટલાક વિસ્તારમાં પાણી ભરાતાં સામાન્ય જનજીવન અસરગ્રસ્ત થયું છે. રાજ્યનાં 450 જેટલા ગામોમાં વિજ પુરવઠો ખોરવાયો છે. તેમજ ભારે વરસાદનાં પરીણામે 92 જેટલા એસ.ટી.નાં માર્ગો બંધ કરાયા છે.

બનાસકાઠામાં NDRFની બે અને કચ્છમાં એક ટુકડી તૈનાત કરવામાં આવી છે. વરસાદને લઈ ભૂજમાં એસટી બસના 15 રૂટ અને 36 ફેરા રદ કરાયાં છે. જ્યારે બનાસકાઠાંના પાલનપુરનાં 18 રૂટ અને 67 ફેરા રદ કરાયાં છે.

રાજ્યના જળાશયો અને બંધની પરિસ્થિતી જોઇયે તો રાજ્યની જીવાદોરી એવો સરદાર સરોવર બંધ 91 ટકા જેટલો ભરાયો છે. રાજ્યના અન્ય 206 જળાશયો 86 ટકા જેટલા ભરાયા છે. રાજ્યના 132 બંધ હાઇ એલેર્ટ , 19 એલેર્ટ અને 14 બંધ ચેતવણી પર રાખેલ છે.

રાજયમાં વરસાદને પગલે અત્યાર સુધી 8 ,357 લોકોનું સ્થળાંતર તેમજ એક હજાર 154 લોકોને બચાવાયા છે. જ્યારે અત્યારે કુલ 392 માર્ગોને વાહન વ્યવહાર માટે બંધ રાખવામા આવ્યાં છે.

. . . . . .

# AMDAVAD TRAIN

તહેવારોની મોસમમાં પ્રવાસીઓની માગને પહોંચી વળવાના ઉદ્દેશ પશ્ચિમ રેલવે અમદાવાદ અને બાન્દ્રા મથક વચ્ચે વિશેષ ટ્રેન દોડાવશે. અમદાવાદ — બાન્દ્રા ટર્મિનસ સ્પેશિયલ ટ્રેન આગામી 16 અને 23 સપ્ટેમ્બરે અમદાવાદથી રાત્રે સવા નવ વાગ્યે પ્રસ્થાન કરશે.

જ્યારે બાન્દ્રા ટર્મિનસ —અમદાવાદ સ્પેશિયલ ટ્રેન 17 અને 24 સપ્ટેમ્બરે બાન્દ્રા મથકથી રાત્રે 10 વાગ્યેને 50 મિનિટે ઉપડશે. ટ્રેન માટેનું બૂકિંગ આવતીકાલથી તમામ PRS કાઉન્ટર અને IRCTCની વેબસાઈટ પર શરૂ થશે.

. . . .

# RAJKOT TRAIN CANCEL

વાંકાનેર અને મોરબી વચ્ચે દોડતી તમામ ડૅમુ ટ્રૅન આવતીકાલે નવ સપ્ટેમ્બરે રદ રહેશે. ટૅક્નિકલ કારણોસર આ તમામ ટ્રૅન રદ કરવામાં આવી હોવાનું પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનના જનસંપર્ક કાર્યાલયની યાદીમાં જણાવાયું છે.

. . . .